# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૮/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના આંત્રપ્રિન્યોર વુમન સેલ દ્વારા ‘ તમારી સફળતાના રહસ્યો’ વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા શનિવાર, તા. ૮ મે ૨૦૨૧ના રોજ ‘તમારી સફળતાના રહસ્યો’ વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના જાણીતા ગાયનેકોલોજીસ્ટ એન્ડ આઇવીએફ એક્સપર્ટ ડો. રૂપલ શાહ, નેચરો થેરાપી એક્સપર્ટ ડો. મમતા સોની અને ત્રિપુર સાયન્સના એકતા તુલસિયાને મહિલા ઉદ્યોગ સાહસિકોને જીવનમાં સફળ થવા માટે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. રૂપલ શાહે જણાવ્યું હતું કે, સફળતા એ બાય પ્રોડકટ હોય છે. પોતાને ગમતું જ કામ કરવું જોઇએ. જો કે, એના માટે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને કામ કરવું જોઇએ. કયારેક બિઝનેસમાં સફળ થવા માટે સ્પર્ધકની સાથે મળીને પણ કામ કરવું જોઇએ અને આગળ વધવું જોઇએ. હોસ્પિટલ હોય કે કોઇપણ સંસ્થા કયારેય એક વ્યકિતને કારણે સફળ થતી નથી. સફળતા ટીમ વર્કથી મળતી હોય છે. આથી ટીમને સમય સમય પર પ્રોત્સાહિત કરતા રહેવું જોઇએ.

તેમણે વધુમાં કહયું કે, જીવનમાં રિસ્ક લેશો તો જ આગળ વધી શકશો. એમાં વધુમાં વધુ નિષ્ફળતા જ હાથ લાગશે. એનાથી વધારેમાં વધારે ખરાબ કશું થવાનું નથી પણ જીવન તેનાથી અટકી જતું નથી. ફરીથી નવા

સંકલ્પ અને જોમ સાથે જીવનમાં આગળ વધવું જોઇએ. અમારી ટીમે પોતાના હોસ્પિટલ થકી લોકોને આપવામાં આવતી સુવિધા વિશે ઇફેકટીવ કોમ્યુનિકેશન રાખ્યું હતું. એના માટે સોશિયલ મિડિયાનો પણ યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. તેમણે કહયું કે, જીવનમાં કયારેય એક કામ પર અટકવું ન જોઇએ. પોતાનામાં વિશ્વાસ રાખીને નવું નવું શીખતા રહેવું જોઇએ અને જમાનાની સાથે આગળ વધવું જોઇએ.

ડો. મમતા સોનીએ જણાવ્યું હતું કે, ઘરે કોઇને પણ તાવ કે શરદી – ખાંસી થતી ત્યારે દાદી તેઓને ઘરે કિચનમાં રહેલી જુદી–જુદી સામગ્રીનું મિશ્રણ આપી દેતા હતા અને તેનાથી સારું થઇ જતું હતું. આથી લોકો પણ કુદરતી વસ્તુ આરોગીને હેલ્ધી રહે તે માટે તેમણે ઘરે જ રસોડામાં હેર અને સ્કીન કેરની પ્રોડકટ બનાવી ઉદ્યોગ સાહસિકતા કરી હતી. તેમના આ ઉદ્યોગમાં તેમના પતિ અને હવે પુત્ર પણ સહયોગ આપે છે. તેઓ કેમિકલનો ઉપયોગ કર્યા વગર હેર ઓઇલ, શેમ્પુ અને હેરપેક બનાવે છે. સ્કીન સોલ્યુશન સંબંધિત પ્રોડકટ બનાવે છે. સાથે જ ચ્યવનપ્રાશ અને એરફ્રેશનર પણ બનાવે છે. તેમના દ્વારા બનાવાયેલા એર ફ્રેશનર પ્રોડકટનો ઉપયોગ અભિનેત્રી હેમા માલિની અને અભિનેતા અભિતાભ બચ્ચન પણ કરે છે.

એકતા તુલસિયાને જણાવ્યું હતું કે, હેલ્થ એન્ડ બ્યુટી ઇન્ડસ્ટ્રીમાં તેમના દ્વારા કેમિકલ વગર ઓર્ગેનિક કલીન લેબલ બ્રાન્ડ બનાવવામાં આવે છે. હવે તેમની બે દિકરીઓએ પણ તેમની સાથે બિઝનેસમાં ઝંપલાવ્યું છે. તેઓ સર્ટિફાઇડ હર્બલ ટી પ્રોડકટ બનાવે છે અને વેચે છે. મોટા ભાગે માર્કેટમાં જે ગ્રીન ટી મળે છે તે માત્ર ચા પીવા માટે જ ઉપયોગમાં આવે છે, પરંતુ કોઇને જો ચા નહીં પીવી હોય તો તેમના દ્વારા બનાવવામાં આવતી હર્બલ ટીનો સુપર ફૂડમાં પણ ઉપયોગ કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આયુર્વેદને વિશ્વ સ્તરે લઇ જવા માટે તેમના દ્વારા મોર્ડન અને આયુર્વેદના મિશ્રણ સાથે સ્કીન કેર પ્રોડકટ બનાવવામાં આવે છે. જેમાં તેઓ ડ્રેગન ફ્રુટ, શતાવરી અને ચિયાસિડનો ઉપયોગ કરે છે. જેને તેઓ એસ્ટ્રોફીલ બ્રાન્ડ કહે છે. તેમણે કહયું કે, તેઓ ગ્રાહકને સાંભળી અને સમજીને તેમની જરૂરિયાત પ્રમાણે તેઓની સાથે પોતાના અનુભવ શેર કરે છે અને પ્રોડકટ સિલેકટ કરવામાં મદદરૂપ થાય છે.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. વુમન આંત્રપ્રિન્યોર સેલના સેક્રેટરી સ્વાતિ શેઠવાલાએ વેબિનારનું સંચાલન સુપેરે પાર પાડયું હતું. જ્યારે વુમન આંત્રપ્રિન્યોર સેલના કો–ચેરપર્સન જ્યોત્સના ગુજરાતીએ વકતાનો પરિચય આપ્યો હતો.